# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2560 ❖ શ્રાવણ પૂર્ણિમા ❖ 7 ઓગષ્ટ 2017 ❖ વર્ષ – 18 ❖ અંક – 5 ❖ સળંગ અંક - 209


## ધમ્મવાણી

निधीनं व पवत्तारं य पस्से वज्जदस्सिनं।
निग्गय्हवादिं मेधाविं तादिसं पण्डितं भजे।
तादिसं भजमानस्स सेय्यो होति न पापियो।

દોષો બતાવનારને દાટેલા ધનનો ભંડાર બતાવનાર જેવો સમજવો; આપણને સુધારવા સારુ નિગ્રહના વચનો કહેતા હોય એવા બુદ્ધિમાન પંડિતોનો સમાગમ રાખવો, એવાના સમાગમથી કલ્યાણ થાય છે, પાપ થતું નથી.

-ધમ્મપદ

## ધર્મદાનની પારમીનો અવસર

આનાપાનની સાધનાને વિશ્વફલક પર મૂકાવીને પૂજ્ય ગુરુજીએ વિશ્વના તમામ લોકો માટે વિપશ્યના સાધનાના પ્રથમ ચરણનો સ્વાદ ચાખીને સુખશાંતિના માર્ગ પર ડગલું માંડવાનો અવસર પૂરો પાડ્યો છે. જે જે લોકોએ આ રીતે આનાપાનની સાધના થકી લાભાન્વિત થઈને વિપશ્યનાની દસ-દિવસીય શિબિરમાં પદાર્પણ કર્યું છે, તેઓએ પોતાના જીવનને ખરા અર્થમાં સુખશાંતિથી સભર કરવાનો પ્રારંભ કર્યો છે.

વિશ્વભરનાં લોકો વિપશ્યનાની સાધનાના લાભ પ્રાપ્ત કરતાં થયા તો વિપશ્યનાનાં કેન્દ્રોનું કાર્ય વેગવાન બન્યું. એ જ રીતે વિશ્વનાં બાળકો પણ આનાપાનની સાધના થકી લાભાન્વિત થતાં બાળ-આનાપાન શિબિરોનું કાર્ય પણ વેગવાન બન્યું છે. ભારતમાં મહારાષ્ટ્ર અને ગુજરાત તેમાં અગ્રેસર છે. મહારાષ્ટ્ર સરકારે તો રાજ્યભરની શાળાઓમાં મિત્ર ઉપક્રમ આનાપાન સાધના ફરજિયાત બનાવી છે. ગુજરાતમાં અંતર્મન ખાસ કરીને કચ્છમાં બાળકોની આનાપાન શિબિરો જાણે પૂરબહારમાં ખીલી ઊઠી છે.

આનાપાનનો પ્રસાર આ રીતે ગતિશીલ બની રહ્યો છે, તેનું કારણ એ છે કે બાળકો આનાપાન સાધના શીખીને બૌદ્ધિક, સાંવેગિક, સામાજિક તેમ જ પારિવારિક સ્તરે અનુકૂલન સાધવા લાગ્યાં છે; તેમનાં વાણી-વર્તનમાં ઉમદાપણું દૃષ્ટિગોચર થવા લાગ્યું છે. અને આ જોઈને એ બાળકોનાં માતાપિતા પણ વિપશ્યના સાધના કરવા પ્રેરિત થવા લાગ્યાં છે.

ભારતનાં તેમ જ વિશ્વનાં બાળકો આ રીતે સારા મનુષ્ય બનવાના મૂળભૂત ગુણો વિકસાવવા લાગે તો આપણા દેશનું તથા વિશ્વનું ભાવી સુખશાંતિપૂર્ણ બની રહેશે, એ વાત નિ:સંદેહ છે. કૂમળી વયે બાળકોનાં કોમળ ચિત્તમાં વિપશ્યનાનાં બીજ રોપાઇ જાય તો ભાવી પેઢી એવી માનવતા ધરાવતી થશે કે જ્યાં વિશ્વના પ્રત્યેક પરિવારમાં સુખશાંતિ પ્રવર્તતી હશે. જેમ નષ્ટ થઈ ચૂકેલા વનને પુન: પલ્લવિત કરવું હોય તો એક એક વૃક્ષને સિંચવાથી શક્ય બને છે, તેમ વિશ્વશાંતિનો ઉદ્દેશ્ય આ રીતે ઘેરઘેર આનાપાન-વિપશ્યના પ્રવર્તવાથી શક્ય બનશે.

બાળકોમાં ધર્મનાં બીજ રોપવા માટે, બાળ-આનાપાન શિબિરોની વધતી જતી માંગને પૂરી કરવા માટે બાળ-શિબિર-આચાર્યોની નિયુક્તિ થઈ રહી છે; નવ-નિયુક્ત આચાર્યે આને ધર્મદાનની પારમી પુષ્ટ કરવાની એક સોનેરી તક ગણવી જોઇએ, નહિ કે અહંકારની પુષ્ટિની.

માણસ દુખિયારો જ છે, જ્યાં સુધી તે પોતાના માનસમાં જાગતા રાગદ્વેષના વિકારોનો ગુલામ છે. બાહ્ય સુખસુવિધા કે યશકીર્તિ પ્રચૂર માત્રામાં હોય તો પણ જ્યાં લગી આ વિકારોનું ઉન્મૂલન નહિ થાય ત્યાં લગી માણસ દુખિયારો જ રહેશે. વિપશ્યના સાધના આ ઉન્મૂલનમાં વૈજ્ઞાનિક ઢબે સહાયક બને છે.

આશુફલદાયિની, કલ્યાણી વિપશ્યના સાધના શીખીને વધુ ને વધુ લોકો કઇ રીતે પોતાનાં દુ:ખોમાંથી મુક્ત થઈ શકે, આ મંગલભાવનાવાળી કરુણાથી પ્રેરાઇને જ ભગવાન બુદ્ધ જીવનભર લોકોને વિપશ્યના શીખવતા રહ્યા: **बहुजनहिताय, बहुजनसुखाय, लोकानुकम्पाय** તેઓ કોઈ સંપ્રદાયની કે અનોખી ફિલસૂફીની સ્થાપના કરવા કટિબદ્ધ ન હતા કે ન તો લોકોને કર્મકાંડોમાં ગૂંચવી રાખવા માગતા હતા.

એ મહાભિષક તો લોકકલ્યાણ સાધવા જીવનભર

વિપશ્યના રૂપી સંજીવનીનું લોકોમાં મુક્ત હસ્તે વિતરણ કરતા રહ્યા.

એ મહાભિષક્ તરફથી મળેલી ઔષધિથી વત્તેઓછે અંશે આપણું સૌનું કલ્યાણ થયું જ છે; તો એક બુદ્ધપુત્ર કે બુદ્ધપુત્રી તરીકે આપણા સૌના મનમાં એ જ ભાવના રહે કે અધિકાધિક લોકો ખરા અર્થમાં સુખશાંતિ પ્રાપ્ત કરે તે માટે તન-મન-ધનથી હું શું કરી શકું? આ સિવાય અન્ય કોઈ લક્ષ્ય આપણા મનમાં ન હોય.

ગત વર્ષે ધર્મપ્રસાર માટે, ધર્મના બીજારોપણ માટે કે વિપશ્યના રૂપી શુદ્ધધર્મના દાન માટે મેં શું શું કર્યું છે તેનું વિહંગાવલોકન કરીને હજુ વધુ કૃતનિશ્ચયી થવાનું છે કે વધુ ને વધુ લોકોનું કલ્યાણ થાય તે માટે હું શી રીતે સહાયક બની શકું?

ધર્મના ક્ષેત્રે કાર્યકર્તાઓના ત્રણ વિભાગ છેઃ (1)આનાપાન કે વિપશ્યના શીખવનાર આચાર્ય, (2)વ્યવસ્થાની દેખરેખ કરનાર ટ્રસ્ટી તથા (3)ધર્મસેવક-ધર્મસેવિકા. આ ત્રણમાંનું કોઈ મોટું નથી કે નથી કોઈ નાનું. સૌના મનમાં એક જ ભાવના હોય કે "મને જે કાર્ય સોંપાયું છે તે હું પૂર્ણ સંનિષ્ઠતાથી કરું."

કેવળ સંનિષ્ઠતા જ નહિ, આપણા સૌના જીવનમાં અનુશાસન પણ અવશ્ય હોવું ઘટે. જેમને આપણે ધર્મના રસ્તે જવા માટે આંગળી ચીંધીએ, તેઓ સૌ પ્રથમ આપણી આંગળીને જુએ છે. આંગળી મેલી કે રક્તરંજિત હોય તો? ધર્મ શીખવવાનું કે સેવાનું ઉત્તરદાયિત્વ સ્વીકારનું પોતાનું જીવન તો અધાર્મિક નથી ને? લોકો આ બાબત બારીકાઇથી જુએ છે.

તો આપણું જીવન જ એક દર્પણ બને, જે લોકોને ધર્મના રસ્તે ચાલવાનું પ્રેરકબળ પૂરું પાડે. ધર્મદાન કરનાર કે ધર્મસેવા કરનાર કે વ્યવસ્થા કરનારના વ્યક્તિત્વમાં વિનમ્રતા ન હોય અથવા તેના વાણી-વર્તનમાં પ્રેમભાવ ન હોય તો લોકો ધર્મના રસ્તે ચાલવા માટે શાને કદમ ઉઠાવે? આપણે સૌએ આત્મચિંતન કરતાં રહેવું પડશે કે મારામાં અહંકાર તો જાગી રહ્યો નથી ને? મારા કારણે લોકો વિપશ્યનાથી વિમુખ તો થતા નથી ને?

ધર્મના પથ પર ચાલનાર હર કોઈ આત્મચિંતન કરે કે વર્ષભરમાં જ્યાં જ્યાં સેવા આપી ત્યાં પોતાની અસાવધાનીથી કોઈ એવી ભૂલ તો નથી થઈને કે જેમાં સાધકને મનદુઃખ થયું હોય અથવા ધર્મની હાનિ થઈ હોય. અને એવી ભૂલ જણાય તો ખુલ્લા દિલે તેનો એકરાર કરીને ભવિષ્યમાં એવું ન થાય તેનો સંકલ્પ લેવો.

આ રીતે ગુરુભાઇ-બહેન સમક્ષ ભૂલસ્વીકાર કરવાથી ઢાંકણું ખુલી જાય છે અને અહંભાવ પિગળવા લાગે છે. ભૂલ છૂપાવવી સરળ છે, પ્રગટ કરવામાં ધર્મનું બળ જોઇએ. ધર્મબળ જાગતાંઃ "મારાથી આ ભૂલ થઈ" એમ કહેતાંની સાથે જ અહંકાર પિગળવા લાગે છે. અહં પિગળતાં વિનમ્રતા પુષ્ટ થવા લાગે છે અને ફલતઃ ધર્મ પુષ્ટ થવા લાગે છે.

ધર્મના પ્રતિનિધિનું જીવન જ ધર્મને ઉજ્જ્વલ બનાવશે અને લોકોને ધર્મ પ્રતિ આકર્ષિત કરશે. આ વાત ધ્યાનમાં રાખીને સ્વયંને સુધારવાનું કામ કરવાનું છે. પોતે સુધરીએ નહિ અને લોકસુધારણા કરવા નીકળી પડીએ? વર્ષે એક વાર એકઠાં મળીને ભાવી કાર્યક્રમોનું આયોજન કરીએ છીએ તેમ પોતાની ભૂલનો સ્વીકાર કરીને શિવસંકલ્પ કરીએ કે ભવિષ્યમાં એ ભૂલ નહીં થાય.

ધર્મને ફેલાતો રોકવામાં જગતની કોઈ શક્તિ કારગર નહિ નીવડે. સૂર્ય તો ઊગવાનો જ છે. ધર્મ તો જાગવાનો જ છે. લોકકલ્યાણ થવાનું જ છે. આપણે એમાં સંગાથી થઈ જઇએ તો આપણી પોતાની પારમી પુષ્ટ કરવાનો અનેરો અવસર છે. "મારું પણ કલ્યાણ થાય, લોકોનું પણ કલ્યાણ થાય." બસ આ જ દૃષ્ટિકોણ રાખીએ. આપણું સદ્ભાગ્ય છે કે આપણને ધર્મદાન, ધર્મપ્રસાર, ધર્મસેવા કરવાનો અવસર આપવામાં આવ્યો છે.

**- કલ્યાણમિત્ર સત્યનારાયણ ગોયન્કા**

## ધમ્મસિંધુ (બાડા - કચ્છ)

ધમ્મસિંધુ (બાડા – કચ્છ) સપ્ટેમ્બર મહિનામાં

**૧. તારીખ :** ૯ અને ૧૦ સપ્ટેમ્બર, શનિ રવિ, જૂના સાધકોનું બે દિવસીય સંમેલન

**૨. તારીખ :** ૧૧ સપ્ટેમ્બર, સોમવાર, એક દિવસીય શિબિર

**૩. તારીખ :** ૧૨, ૧૩ અને ૧૪ સપ્ટેમ્બરઃ મેન્ટેનન્સ ધમ્મસેવા

**૪. નોંધ :** તા. ૯–૯ થી ૧૨–૯–૧૭ વાળી ૩ દિવસીય શિબિર રદ કરેલ છે.

**૪. નોંધ :** જૂના સાધકોનું સંમેલન અગાઉ ૨૯–૩૦ જુલાઇના આયોજિત હતું. પરંતુ, ભારે વરસાદના કારણે મોકૂફ રાખેલ હતું. હવે નવા આયોજનમાં સંમેલન સાથે ઉપરોક્ત કાર્યક્રમ પણ ગોઠવેલ છે.

**વધુ માહિતી માટે સંપર્ક : ધમ્મસિંધુ - બાડા**

**મો.: ૯૯૨૫૬ ૭૪૧૦૪, ૭૮૭૪૬૨૩૩૦૫**

**મેનેજર જોઇએ છે : ધમ્મસિંધુ - બાડા**

ધમ્મસિંધુમાં ઓફિસ મેનેજરની જરૂર છે. માનદ્ વેતન આપી શકાશે. જૂના સાધકો સંપર્ક કરે.

**ગૌતમ ગોસ્વામી : મો. ૯૯૨૫૨ ૬૬૦૪૪**

# ધમ્મસેવા : સાધનાની પ્રગતિ માટે ખૂબ અનિવાર્ય છે/મહત્ત્વનું અંગ છે

ગુજરાતભરની શાળાઓમાં આનાપાન શરૂ કરવાના આયોજન રૂપે બાળકોના ભવિષ્ય માટે આપના નજીકના વિસ્તારની શાળાઓમાં તથા અન્ય ધર્મસેવાના કાર્યમાં રૂચિ હોય તેવા સાધક / સાધિકાઓ આ ફોર્મ ભરી પોસ્ટ દ્વારા રાજકોટ સીટી ઓફિસે અથવા ૭૮૭૮ ૭૨૭૨ ૪૦ પર વોટસ્એપ પર મોકલવા નિવેદન.

નામ : ____________________

ઉંમર : ________ અભ્યાસ : ____________ વ્યવસાય : ____________ ફોન : ____________

સરનામું : ____________________

____________________

મો. : ____________ ઇ-મેઇલ : ____________

આપ ધમ્મકોટના જૂના સાધકો માટેના વોટસ્એપ નંબર - ૭૮૭૮ ૭૨૭૨ ૨૩ જોડાયેલા છો ? હા ☐ ના ☐

| કુલ કેટલી શિબિર કરેલ છે ? | | આપ નિયમિત સાધના કરો છો ? | સવારે | | સાંજે | |
|---|---|---|---|---|---|---|
| આપ ક્યા ક્ષેત્રમાં પારંગત છો | | | | | | |

ધર્મસેવા : (કેટલો સમય : પૂર્ણ સમય / દરરોજ / સપ્તાહ)

૧. કેન્દ્ર સેવા : ____________ ૨. કોમ્પ્યુટર : ____________

૩. ઓફિસ : ____________ ૪. બાળ આનાપાન સેવા : ____________

૫. આપના વિસ્તારની ૧ થી ૫ સ્કૂલોમાં જઇ, ત્યાં નિયમિત આનાપાન થાય છે કે કેમ ? તે સેવા આપી શકો છો ? : ____________

<u>સપ્તાહમાં</u> ઓછામાં ઓછું ૧ થી ૬ કલાક સુધીની સેવા. વધુ સમય સેવા આપી શકો તો વધુ સારું. કેટલા કલાક સેવા આપશો તે જણાવશો.

૬. સ્કૂલ / હોસ્ટેલના સંપર્કમાં છો ? : ____________

૭. સરકારી / અર્ધ સરકારી / ખાનગી સંસ્થા / NGO સાથે સંપર્કમાં છો ? : ____________

૮. માસિક સંસ્થાઓના મેગેઝીન / અખબારોમાં વિપશ્યના સબંધી લેખ છપાવવા : ____________

૯. અન્ય કોઇ પ્રકારની સેવામાં આપની રૂચિ હોય તો જણાવશો : ____________

## ધમ્મકોટ – એક દિવસીય શિબિર

**તારીખ :** ૨૪–૯–૨૦૧૭, રવિવાર – પૂ. ગુરુજીની પૂણ્યતિથિ

**સમય :** સવારે ૯–૦૦ થી સાંજે ૫–૦૦

**નોંધ :** કેન્દ્ર ઉપર જવા–આવવા માટે નિઃશુલ્ક બસ સેવા રાખવામાં આવેલ છે. નામ નોંધાવવું જરૂરી છે, ફક્ત **મો.: ૭૮૭૮૭૨૭૨ ૨૩** ઉપર જ વોટ્સએપ/ફોન દ્વારા નોંધાવવું. બસનો રૂટ નીચે પ્રમાણે રહેશે.

**રૂટ :-** ૭.૩૦ કલાકે – રૈયા ચોકડી, ૭.૩૫ કલાકે – રૈયા ટેલીકોમ એક્સચેંજ, ૭.૪૦ કલાકે – કે.કે.વી. સર્કલ, ૭.૪૫ કલાકે – બીગ બઝાર, ૭.૫૦ કલાકે – નાના મવા ચોકડી, ૭.૫૫ કલાકે – મવડી ચોકડી, ૮.૦૦ કલાકે – ગોંડલ ચોકડી

**વધુ માહિતી માટે સંપર્ક :** ધમ્મકોટ કેન્દ્ર : ૦૨૮૧ – ૨૯૨૪૯૨૪, મો.: ૯૩૨૭૯ ૨૩૫૪૦

## -: વિપશ્યના પરિચય કાર્યક્રમ :-

ધમ્મકોટ કેન્દ્ર પર સાધકોના પરિવારજનો તેમ જ મિત્રો–પરિચિતો લાભ લઇ શકે એવા ખાસ હેતુથી વિપશ્યના પરિચય કાર્યક્રમનું આયોજન કરેલ છે. કાર્યક્રમ સંપન્ન થયા બાદ ભોજન વ્યવસ્થા રાખેલ છે. ભોજન અને અન્ય વ્યવસ્થા યોગ્ય રીતે થઇ શકે તે માટે આગોતરા રજિસ્ટ્રેશન કરાવીને જ પધારશો.

**તારીખ : ૨૭–૮–૨૦૧૭, રવિવાર સાંજે : ૪ થી ૮ સુધી**

**સ્થળ : ધમ્મકોટ કેન્દ્ર, ખોખડદડ ગામ પછી, રાજકોટ.**

**સંપર્ક : ૦૨૮૧ - ૨૨૩૩૬૬૬, મો.: ૭૮૭૮૭૨૭૨૨૩**

## જામનગર – ધમ્મસેવક સાધકો માટે સંમેલન

જામનગર જીલ્લા તેમજ વિસ્તારના જૂના સાધકો (જે કોઇએ એક ૧૦ દિવસીય શિબિર કરી હોય) માટે સંમેલનનું આયોજન કરેલ છે.

**તારીખ :** ૩–૯–૨૦૧૭, રવિવાર

**સ્થળ :** મહર્ષિ પતંજલિ ઇસ્ટીટ્યૂટ ઓફ યોગા એન્ડ નેચરોપેથી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.

**સંપર્ક :** ભગવાનદાસભાઇ મોતીયાણી : ૯૮૯૮૬ ૭૧૨૫૧
રમેશભાઇ દવે : ૯૯૦૯૦ ૧૦૨૪૫

# ગુજરાત વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૭-૧૮ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧. રજિસ્ટ્રેશન – સમય ૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭ **સંપર્ક ::** Ph.: 0281-2233666, M : 78 78 72 72 23, Ph.: 0281-2924942, M : 93279 23540, E-mail : dhammakot@gmail.com

13-09 to 24-09-17
27-09 to 08-10-17
18-10 to 29-10-17
01-11 to 12-11-17
15-11 to 26-11-17
29-11 to 10-12-17
13-12 to 24-12-17
02-01 to 13-01-18
17-01 to 28-01-18

**ફક્ત જૂના સાધકો માટે**
**3 DAYS**
12-10 to 15-10-17
28-12 to 31-12-17

## ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–૮ બોરિયાચ ટોલનાકાથી 2km પશ્ચિમે, **ગામ :** વગલવાડ, તા.: ગણદેવી. **સંપર્ક :** Mo : 78784 60961, Mo : 95865 82660, 94281 60714, 98250 44536. E-mail : info@ambika.dhamma.org

10-09 to 21-09-17
27-09 to 08-10-17
24-10 to 04-11-17
05-11 to 16-11-17
21-11 to 02-12-17

**ફક્ત જૂના સાધકો માટે**
**3 DAYS**
21-09 to 24-09-17
**10 DAYS SPL.**
20-12 to 31-12-17
**STP**
22-12 to 30-12-17
**20 DAYS**
03-02 to 25-02-18

## ધમ્મસિંધુ-બાડા

C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ–૩૭૦ ૪૬૫, **સંપર્ક :** Ph.: 02834-273303, M : 78746 23305, 99256 74104 E-mail : info@sindhu.dhamma.org

21-10 to 01-11-17
19-11 to 30-11-17
03-12 to 14-12-17
17-12 to 28-12-17

**ફક્ત જૂના સાધકો માટે**
**3 DAYS**
09-09 to 12-09-17
**20 DAYS**
16-09 to 07-10-17
**30 DAYS**
16-09 to 17-10-17
**STP**
05-11 to 16-11-17

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના કેન્દ્ર–ધમ્મપીઠ અમદાવાદ રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦ **સંપર્ક :** Ph.: 02714-294690, M : 94264 19397 E-mail : info@pitha.dhamma.org

30-08 to 10-09-17
27-09 to 08-10-17
16-10 to 27-10-17
06-12 to 17-12-17
20-12 to 31-12-17
03-01 to 14-01-18
17-01 to 28-01-18
01-02 to 12-02-18
14-02 to 25-02-18

**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
13-09 to 21-09-17
**30 DAYS**
30-10 to 30-11-17

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨. **સંપર્ક :** Ph.: 02762-272800, 254634, 252345 M : 94292 33000. E-mail : info@divakara.dhamma.org

06-09 to 17-09-17
18-09 to 29-09-17
04-10 to 15-10-17
21-10 to 01-11-17
03-11 to 14-11-17
15-11 to 26-11-17
29-11 to 10-12-17
13-12 to 24-12-17
27-12 to 07-01-18
10-01 to 21-01-18
21-02 to 01-03-18

**ફક્ત જૂના સાધકો માટે**
**3 DAYS**
30-06 to 02-07-17

## ધમ્મપાલિ

ગામ: ટોડી, સોનગઢ–પાલીતાણા રોડ, જી. ભાવનગર. **સંપર્ક :: ધમ્મપાલી કેન્દ્ર :** M : 7878103636 M : 97149 11913 M : 97149 10913 **સિટી ઓફીસ :** Ph. 0278 - 2521066, M : 88 66 71 3636 E-mail : dhammapali15@gmail.com

10-09 to 21-09-17
01-10 to 12-10-17
17-10 to 28-10-17

**ફક્ત જૂના સાધકો માટે** **3 DAYS**
06-07 to 09-07-17

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક : Ph.: 02697- 245460, 245302 M : 94265 00765. દિપકભાઈ સંપર્ક : M.94289 00794 Time 10.00am to 5.30 pm E-mail : vipassana.dharmaj@gmail.Com

29-10 to 09-11-17
**1 - DAY**
09-07-2017
**3 - DAYS**
08-09 to 11-09-17

**નોંધ : શિબિરના દિવસે ધમ્મકોટ જવા માટે બપોરે : ૨.૩૦ કલાકે રાજકોટ-વિપશ્યના સિટિ ઓફિસથી વાહન મળશે.**

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ પાસપોર્ટ સાઈઝ ફોટો અને ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

જો ચાહે અપના કુશલ, જો ચાહે સુખ મૂલ ।
તો મન રખ નિર્મલ સદા, મૈલા હોય ન મૂલ ।।

માં બાપૂ પ્રિય બન્ધુજન, ભલા કરેં સબ કોય ।
અધિક ભલા નિજ મન કરે, જબ યહ ઉજલા હોય ।।

ગાંઠ ગઠીલા મૂંજ સા, અકડન બઢતી જાય ।
ગાંઠ ખુલે, અકડન મિટે, સરલ ચિત્ત સુખ પાય ।।

## દોહા ધરમના

જબ તક મન મેં મૈલ હૈ, તબ તક મન બેચૈન ।
મન નિર્મલ હો જાય તો, મિલે શાંતિ સુખ ચૈન ।।

મૈલા મન વ્યાકુલ રહે, મૈલા રહે અશાંત ।
નિર્મલ મન સુખિયા રહે, નિર્મલ મન હી શાંત ।।

કપટ ઔર કૌટિલ્ય કા, રહે ન નામ નિશાન ।
તો અંતર મેં પ્રગટ હો, શાંતિ રતન કી ખાન ।।

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ચેક અથવા રોકડેથી મોકલી શકાશે. રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 7 ઓગષ્ટ 2017** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

**'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013**
**Postal Reg. No. RAJKOT/450/2015-17**
**(Renewed upto 31.12.2017)**

**Weighs less than 30 gms**
**Posting day-25th of every month,**
**Posted at Rajkot RMS - 360 001.**
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
**ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.**
**સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23**
**E-mail :** info@kota.dhamma.org / **Web site :** www.kota.dhamma.org